# ૩ ફરરરર... ફરીએ

છ
મ
છ
મ

અભિનય ગીત :

## અમે ફેરફુદરડી



અમે ફેરફુદરડી ફરતાં'તાં,
અમે ફેરફુદરડી ફરતાં'તાં,
ફેરફુદરડી ફરતાં ફરતાં,
પડી જવાની કેવી મજા!
ભાઈ, પડી જવાની કેવી મજા!
અમે સંતાકૂકડી રમતાં'તાં,
અમે સંતાકૂકડી રમતાં'તાં,
સંતાકૂકડી રમતાં રમતાં,
પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા!





અમે આમલીપીપળી રમતાં'તાં,
અમે આમલીપીપળી રમતાં'તાં,
આમલીપીપળી રમતાં રમતાં,
સંતાઈ જવાની કેવી મજા!
ભાઈ, સંતાઈ જવાની કેવી મજા!

અમે બિલ્લી-ઉંદર રમતાં'તાં,
અમે બિલ્લી-ઉંદર રમતાં'તાં,
અમે ચૂં...ચૂં...મ્યાઉં... મ્યાઉં કરતાં'તાં,
અમે ચૂં...ચૂં...મ્યાઉં... મ્યાઉં કરતાં'તાં,
ચૂં...ચૂં...મ્યાઉં...મ્યાઉં કરતાં કરતા,
નાસી જવાની કેવી મજા!
ભાઈ, નાસી જવાની કેવી મજા!

- મૂળજીભાઈ ભક્ત

ગ
પ
સ
પ

વાર્તા :

# હું પણ...




એક ઈંડામાંથી બતકનું બચ્ચું નીકળ્યું
અને બોલ્યું, ‘‘લ્યો, હું ઈંડામાંથી બહાર આવ્યું,’’
બીજા ઈંડામાંથી મરઘીનું પીલું નીકળ્યું
અને બોલ્યું, ‘‘લ્યો, હું પણ આવી ગયું.’’
બતકનું બચ્ચું કહે, ‘‘હું ફરવા જાઉં છું.’’
પીલું કહે, ‘‘હું પણ આવીશ.’’
બતકનું બચ્ચું કહે, ‘‘હું ખાડો ખોદું છું.’’



ગ
પ
સ
પ

પીલું કહે, ''હું પણ ખોદીશ.''
બતકનું બચ્ચું કહે, ''મને એક અળસિયું મળ્યું.''
પીલું કહે, ''મને પણ અળસિયું મળ્યું.''
બતકનું બચ્ચું કહે, ''મેં એક પતંગિયું પકડ્યું.''
પીલું કહે, ''મેં પણ પતંગિયું પકડ્યું.''



બતકનું બચ્ચું કહે, ''હું તરવા માગું છું.''
પીલું કહે, ''હું પણ તરવા માગું છું.''
બતકનું બચ્ચું કહે, ''જુઓ, હું તરું છું.''
પીલું કહે, ''હું પણ તરીશ.''
પણ આ શું? બતકનું બચ્ચું તરે, મરઘીનું બચ્ચું કંઈ તરે ? એ તો ડૂબવા લાગ્યું.
''બચાવો...'' પીલુંએ બૂમ પાડી.

ગ પ સ પ

બતકના બચ્ચાએ પીલુને પાણીમાંથી બહાર કાઢ્યું.



● પછી બતકના બચ્ચાએ મરઘીના બચ્ચાને શું કહ્યું હશે ?

ક લ બ લ

**વાતચીત :**

વાર્તાચિત્રોને આધારે નીચે જેવા પ્રશ્નો પૂછવા :

- બતકનું બચ્ચું શું કરે છે?
- મરઘીનું બચ્ચું શું કરે છે?
- તમને આ વાર્તામાં શું ગમ્યું?

છ મ છ મ

**અભિનય :**

'હું પણ' વાર્તા ફરી કહેવી. બતકના અને મરઘીના બચ્ચાનો સંવાદ આ રીતે આગળ વધારવો. સંવાદ સાથે વિવિધ ક્રિયાનો અભિનય પણ કરાવવો.

શિક્ષક : હું કેળું ખાઈશ.

વિદ્યાર્થીઓ : હું પણ કેળું ખાઈશ.

શિક્ષક : હું કૂદકા મારીશ.

વિદ્યાર્થીઓ : હું પણ કૂદકા મારીશ.

દ
ડ
બ
ડ

**રમત :**

બતકનું બચ્ચું કહે તેમ કરો, બતકનું બચ્ચું કરે તેમ નહિ.

આ રમત રમાડતી વખતે શિક્ષક 'બતકનું બચ્ચું' બની સૂચના આપશે. રમત સમજાવી દીધા પછી વિદ્યાર્થીને પણ સૂચના આપવા માટે કહી શકાય.

- શિક્ષક (હાથ ઊંચા કરીને) હાથ સામે...
- શિક્ષક (પાણી પીવાનો અભિનય કરીને) કેળું ખાઓ.
- શિક્ષક (લખવાનો અભિનય કરીને) ચોપડી વાંચો.

આમ, બતકનું બચ્ચું બનનાર સૂચના આપે એ કરતાં અલગ ક્રિયા કરે. ક્રિયા કરવામાં નિયમનું પાલન ન કરે તે આઉટ ગણાય.

ગ
ણ
ગ
ણ

**સરખામણી :**



- વિદ્યાર્થીઓની બે-બેની જોડ બનાવો.
- બે-બેની જોડમાં ચિત્રો વચ્ચેનો તફાવત શોધવા કહો.
- આવાં અન્ય ચિત્રોમાંથી પણ તફાવત શોધવા કહો.

## ગમ્મત :




નીચેના જેવા પ્રશ્નો પૂછવા :

- ચિત્ર-૧માં બાળક શું કરે છે ?
- બાળકનાં ચશ્માં જોઈને વાંદરો કયા ચિત્રમાં બહુ ખુશ દેખાય છે ?
- કયા ચિત્રમાં વાંદરાએ ચશ્માં પહેર્યાં છે ?